અર્થ એક્કો પોલિશ-૩માંથી ફાયરબ્રિગેડના જવાનોએ ત્રણ લાખ રૂપિયા બચાવી માલિકને પરત કર્યાં


ચેતક બ્રિજ પાસે


ઓલ્ડ પાદરા રોડ


રિફાઇનરીના કાટમાળમાં આગ


મકરપુરા ગેરેજમાં આગ

70થી વધુ સ્થળે આગના કોલ, ફાયરબ્રિગેડ દોડતી થઇ

વડોદરા : દિવાળીના તહેવાર દરમિયાન એક તરફ શહેર રોશની અને ફટાકડાની આતશબાજીથી ઝળહળી રહ્યું હતું, તો બીજી તરફ આગના બનાવોએ ફાયર બ્રિગેડની દોડધામ વધારી દીધી હતી. દિવાળીના પર્વ દરમિયાન વડોદરા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી આગ લાગવાના 70થી વધુ કોલ ફાયર બ્રિગેડને મળતાં ફાયર જવાનો સતત દોડતા રહ્યા હતા. શહેરના ચારે ખૂણે આગના બનાવો બનતાં ફાયર બ્રિગેડની સાયરનો સતત ગુંજતી રહી હતી અને અનેક વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ગોત્રી, રિફાઇનરી વિસ્તાર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓ બની હતી. ક્યાંક રહેણાંક મકાન કે દુકાનમાં આગ લાગી હતી તો ક્યાંક વાહનો આગની ઝપેટમાં આવ્યાં હતાં. કાર સળગવાના બનાવોએ પણ ચિંતા વધારી હતી. દિવાળીના તહેવારમાં ફટાકડાની આતશબાજી અને દીવાઓના કારણે આગ લાગવાની શક્યતાઓ વચ્ચે ફાયર બ્રિગેડના જવાનોને એક પછી એક મળતા કોલના પગલે સતત સ્થળ પર દોડી જવું પડ્યું હતું. અનેક સ્થળોએ આગને કાબૂમાં લેવા માટે ફાયર ફાઇટરોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.શહેરના અલગ અલગ વિસ્તારોમાં એકસાથે આગના બનાવો બનતાં ફાયર બ્રિગેડની ટીમો માટે પણ પડકારજનક સ્થિતિ ઊભી થઈ હતી. જોકે, ફાયર બ્રિગેડના જવાનોની સમયસરની કામગીરી અને આગને કાબૂમાં લેવાના પ્રયાસોને કારણે મોટાભાગના બનાવોમાં આગ વધુ પ્રસરે તે પહેલાં નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હતું. સૌથી રાહતની બાબત એ રહી કે આટલી મોટી સંખ્યામાં આગના બનાવો બનવા છતાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જેના કારણે તંત્ર અને નાગરિકોએ હાશકારો અનુભવ્યો હતો.

સલાટવાડા યુસીડી ઓફિસના સ્ટોર રૂમમાં આગ



દિવાળીની ઉજવણી વચ્ચે શહેરના સલાટવાડા વિસ્તારમાં આગની ઘટના સામે આવી છે. સલાટવાડા સ્થિત યુસીડી ઓફિસના સ્ટોર રૂમમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઇ હતી. મળતી માહિતી મુજબ, સ્ટોર રૂમ બંધ હાલતમાં હતો, ત્યારે અચાનક તેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. આગના બનાવથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો અને લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ દોડતું થયું હતું. ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી. ફાયર જવાનોએ થોડી જ વારમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો.સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પ્રાથમિક અનુમાન મુજબ ફટાકડાના કારણે સ્ટોર રૂમમાં આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે. દિવાળીના તહેવાર વચ્ચે ફાયર વિભાગ સતર્ક રહ્યું હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.

તરસાલી તળાવ પાસે ફટાકડાના તણખાથી ચાલતી કારમાં લાગી આગ



વડોદરા શહેરમાંથી તહેવારોની મોસમમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના તરસાલી તળાવ વિસ્તાર પાસેથી પસાર થઈ રહેલી કાર પર અચાનક આકાશમાં છોડેલા રોકેટ ફટાકડાનો તણખો પડવાને કારણે આગ લાગી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, ચાલુ વાહને અચાનક આગ લાગતા કારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. જોકે, સતર્કતા દાખવીને કારને તાત્કાલિક રોકી દેવામાં આવી હતી અને અંદર બેઠેલા લોકો સમયસર બહાર નીકળી જતા મોટી જાનહાની ટળી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક પાણી છાંટીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, જો સમયસર આગ પર કાબૂ ન મેળવવામાં આવ્યો હોત તો કારમાં મોટો વિસ્ફોટ થઈ શક્યો હોત, પરંતુ સદનસીબે કોઈને પણ ઈજા પહોંચી ન હતી અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. તહેવારો દરમિયાન ફટાકડા ફોડતી વખતે નાગરિકોને વધુ સાવચેતી રાખવા માટે આ ઘટના એક ચેતવણીરૂપ છે.

ઓલ્ડ પાદરા રોડ પર શ્રમજીવીઓના ઝૂંપડા બળીને ખાખ

દિવાળીના દિવસે મોડી રાત સુધી શહેરમાં ફટાકડા ફૂટ્યા અને ભવ્ય આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી. પરંતુ આ ભવ્ય ઉજવણી વચ્ચે શહેરમાં આગ લાગવાના અનેક બનાવો પણ બન્યા હતા.જે પૈકી ઓલ્ડ પાદરા રોડ પર રિલાયન્સ મોલ પાછળ આવેલા ઓલ્ડ યુનાઇટેડ વે ગરબા ગ્રાઉન્ડ પાસે આગ લાગતા શ્રમજીવીઓના ઝૂંપડા બળીને ખાખ થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, ફટાકડાના કારણે ત્રણથી વધુ ઝૂંપડામાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ઝૂંપડામાં રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે ઘટના સમયે ઝૂંપડામાં કોઈ નહીં હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. દિવાળીની ખુશીની રાત શ્રમજીવી પરિવારો માટે દુઃખમાં ફેરવાઈ ગઈ હતી.

ગુજરાત રિફાઇનરીના H પ્લાન્ટ પાસે સ્ક્રેપના કાટમાળમાં આગ

દિવાળીની રાત્રે શહેરમાં આગની વધુ એક ચિંતાજનક ઘટના બની હતી.વડોદરામાં કોયલી ગામ નજીક આવેલી ગુજરાત રિફાઇનરીમાં નવા બની રહેલા H ના પ્લાન્ટ પાસે આગની ઘટના બની હતી. જોકે, સત્વરે આગ પર કાબુ મેળવી લેવામાં આવતા તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. મળતી માહિતી મુજબ, પ્લાન્ટની દીવાલ નજીક રાખવામાં આવેલા સ્ક્રેપમાં અચાનક આગ લાગી હતી. આગ લાગતા જ ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા અને આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાઇ ગયો હતો. રિફાઇનરી જેવા અતિ સંવેદનશીલ વિસ્તારમાં આગ લાગતા તંત્ર હરકતમાં આવી ગયું હતું. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ હવાઈ ફટાકડાના કારણે સ્ક્રેપના કાટમાળમાં આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે. સદનસીબે આગ પ્લાન્ટ સુધી પહોંચે તે પહેલા જ તેના પર કાબૂ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ મળ્યા નથી. આગના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વાસણા-ભાયલી રોડ

ફટાકડા ફોડવા પરિવાર નીચે ગયો અને ઉપર 5મા માળે ફ્લેટમાં લાગી આગ



દિવાળીની રાત્રે પર એક પરિવારની ખુશી જોતજોતામાં માતમમાં ફેરવાઈ ગઈ. ફટાકડા ફોડવા માટે પરિવાર નીચે ઉતર્યો હતો, ત્યાં જ તેમના 5 મા માળે આવેલા ફ્લેટમાંથી ધુમાડા નીકળવા લાગ્યા અને અફરાતફરી મચી ગઈ.વાસણા-ભાયલી રોડ પર શ્રી હરિ બંગ્લોઝ સામે આવેલા અર્થ એક્કો પોલિશ-3 ફ્લેટના E-501માં આગ લાગી હતી. પરિવાર ફ્લેટની નીચે ફટાકડા ફોડી રહ્યો હતો, એ દરમિયાન 5મા માળે આવેલા તેમના મકાનમાંથી ધુમાડા નીકળતા લોકો દોડી આવ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બનાવની જાણ થતા જ વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. મળતી માહિતી મુજબ, દિવાળીના તહેવાર ટાણે ઘરમાં લાખો રૂપિયાની રોકડ રાખવામાં આવી હતી. જેમાંથી કેટલાક રૂપિયા આગમાં સળગી ગયા હતા. જોકે, ફાયર બ્રિગેડના જવાનોએ સમયસૂચકતા વાપરીને આશરે ત્રણ લાખ જેટલી રોકડ રકમ બચાવી લીધી હતી અને મૂળ માલિકને પરત કરી હતી. ફાયર જવાનોના આ કાર્યની સૌએ પ્રશંસા કરી હતી. આગ કયા કારણોસર લાગી તે હજુ જાણી શકાયું નથી. શોર્ટ સર્કિટ અથવા તો ફટાકડા કે અન્ય કોઈ કારણસર આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આગમાં ઘરમાં રહેલી ઘરવખરી સહિતનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. દિવાળીના તહેવાર ટાણે સર્જાયેલી આ દુર્ઘટનાના કારણે પરિવારમાં દુઃખની લાગણી વ્યાપી ગઈ હતી

ચેતક બ્રિજ પાસે ઝાડી-ઝાંખરામાં ભીષણ આગ

દિવાળીની રાત્રે શહેરમાં એક બાદ એક આગની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે વડોદરા શહેરના હરણી-સમા રોડ પર આવેલા વિશ્વામિત્રી ચેતક બ્રિજ પાસે ઝાડી-ઝાંખરામાં ભીષણ આગ લાગી હતી. મળતી માહિતી મુજબ, બ્રિજ પાસે સૂકું ઘાસ અને ઝાડી-ઝાંખરા હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા. ધુમાડો જોઈને આસપાસના રહીશો સ્થળ પર એકત્ર થઈ ગયા હતા અને બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. જાણ થતા જ ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ફટાકડાના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું છે.

મકરપુરા એરફોર્સ સ્ટેશન પાસે ગેરેજમાં આગ

વડોદરા શહેરમાં આગની વધુ એક ઘટના બની હતી. મકરપુરા એરફોર્સ નજીક આવેલા ફોર વ્હીલ ગાડીઓના ગેરેજમાં ભીષણ આગ લાગી હતી. ફાયર વિભાગમાં કોલ મળતાની સાથે જ જીઆઇડીસી ફાયર સ્ટેશન ની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. વડોદરા શહેરના મકરપુરા એરફોર્સ સ્ટેશન ની બાજુમાં આવેલા ગેરેજમાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગમાં ચારથી વધુ વાહનોને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. અનેક વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે ઘટના સમયે ગેરેજ બંધ હોવાથી અને અંદર કોઈ હાજર નહીં હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. ફાયર એન્ડ ઇમર્જન્સી વિભાગમાં કોલ મળતા જ જીઆઇડીસી ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. બે જેટલા ફાયર ટેન્કરોની મદદથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

સિદ્ધેશ્વર હિલ સ્ક્વેર ખાતે વીડિયો કોલ મારફતે ધમકી

સમાધાન અર્થે પહોંચેલા વેપારીને ગોળી મારવાની ધમકી અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.09

વડોદરાના આજવા રોડ પર રહેતા ટ્રાન્સપોર્ટના વેપારીને વોટ્સએપ ગ્રુપમાં થયેલી બોલાચાલી ભારે પડી છે. મકાનના ભાડા અંગેના ઓડિયો રેકોર્ડિંગને ટ્રાન્સપોર્ટના ગ્રુપમાં મૂકવા બાબતે થયેલા વિવાદમાં વેપારીને ફોન પર ગાળો ભાંડી પરિવાર સહિત જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. એટલું જ નહીં, સમાધાન માટે સિદ્ધેશ્વર હિલ સ્ક્વેર ખાતે પહોંચેલા વેપારીને વીડિયો કોલ દરમિયાન બંદૂક બતાવી છ ગોળી શરીરમાં ઉતારી દેવાની ધમકી અપાતાં મામલો બાપોદ પોલીસ મથકે પહોંચ્યો છે. શહેરના આજવા રોડ સ્થિત અરમદીપ રેસિડેન્સીમાં રહેતા અને 'હિન્દુસ્તાન રોડ લાઈન' નામથી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા સોનુ રણવીરસિંહ (ઉ.વ.31)એ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ટ્રાન્સપોર્ટના બરોડા ટ્રાન્સપોર્ટ સોલ્યુશન અને વડોદરા ટ્રાન્સપોર્ટર્સ નામના બે વોટ્સએપ ગ્રુપ ચાલે છે. ગત 29 ઓક્ટોબરના રોજ એક ગ્રુપમાં અભિષેક તનવર ઉર્ફે અભી શૂટરે તેમના નાના ભાઈ રાકેશકુમાર અને મકાનમાં ભાડેથી રહેતા હિમાંશુ વચ્ચેના ભાડા અંગેના વિવાદની ઓડિયો ક્લિપ મૂકી હતી. આ અંગે સોનુએ ગ્રુપમાં જવાબ આપતાં અભિષેકે રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં વારંવાર ફોન કરીને તેમની માતા વિશે અપશબ્દો કહ્યા હતા અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ગ્રુપમાં સોનુ અને તેમના મામા રાજેન્દ્ર ચૌધરીની બદનામી થાય તેવા મેસેજ પણ મૂક્યા હતા. આ મામલે વાતચીત કરવા માટે 30 ઓક્ટોબરના રોજ બપોરે સોનુ તેમના સાથીદારો સાથે સિદ્ધેશ્વર હિલ સ્ક્વેર ખાતે પહોંચ્યા હતા. ત્યાં સંદીપ રાઠોડ મારફતે અભિષેક તનવર સાથે ઓળખાણ થઈ હતી. સોનુએ ફોન પર ગાળો આપવા અંગે પૂછતાં અભિષેકે પોતે નશામાં હતો અને સુનીલ મોહરસિંગજી બિશુના કહેવાથી ફોન કરીને ગાળો આપી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ અભિષેકે સુનીલ બિશુને વીડિયો કોલ કર્યો હતો. વીડિયો કોલ દરમિયાન સુનીલ બિશુએ પોતાની પાસે રહેલી બંદૂક બતાવી સોનુને છ ગોળી શરીરમાં ઉતારી દેવાની ધમકી આપી હતી. સાથે હાજર મહેન્દ્ર શર્મા, રાજેશકુમાર અને મહેન્દ્ર ચૌધરીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

આ દરમિયાન સુનીલના ઉશ્કેરવાથી અભિષેકે પણ બોલાચાલી કરી ગાળો આપી ઝપાઝપી કરી હતી. સમગ્ર મામલે સોનુ રણવીરસિંહે અભિષેક તનવર ઉર્ફે અભી શૂટર અને સુનીલ બિશુ સહિતના વિરુદ્ધ બાપોદ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દિવાળીને લઈ વડોદરા પોલીસ એક્શન મોડમાં

અસામાજિક તત્ત્વો પર બાજ નજર કુંભારવાડા-બાપોદમાં મેગા કોમ્બિંગ

મકરપુરાની જાંબવા-તરસાલી ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ

67 વાહનોની તપાસ, ત્રણ ડિટેઇન, 27 સિકલીગર સહિત 58 શંકાસ્પદોની પૂછપરછ



(પ્રતિનિધિ) વડોદરા તા.09

દિવાળીના તહેવારોમાં બજારો અને રહેણાક વિસ્તારોમાં વધતી ભીડ વચ્ચે ગુનાખોરીને ડામવા વડોદરા શહેર પોલીસ દ્વારા સુરક્ષાનો ઘેરો મજબૂત કરવામાં આવ્યો છે. તહેવારની આડમાં ચોરી, લૂંટ કે અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને પોલીસે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ અને કોમ્બિંગની ઝુંબેશ શરૂ કરી છે. મકરપુરા વિસ્તારમાં જાંબવા અને તરસાલી ચેકપોસ્ટ પર વાહનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી, જ્યારે કુંભારવાડા અને બાપોદ વિસ્તારમાં પોલીસ કાફલાએ ફૂટ પેટ્રોલિંગ સાથે મેગા કોમ્બિંગ હાથ ધર્યું હતું. પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ જાજડીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઝોન-4ના નાયબ પોલીસ કમિશનર એન્ડ્રુ મેકવાનની અધ્યક્ષતામાં આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કુંભારવાડા અને બાપોદ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ તેમજ હોમગાર્ડના જવાનોની ટીમોએ દત્તનગર, એકતાનગર, કુંભારવાડા, ખારી તલાવડી અને વિમા દવાખાના સહિતના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી શંકાસ્પદોની પૂછપરછ અને તપાસ કરી હતી. કોમ્બિંગ દરમિયાન પોલીસ દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવતા અને શરીર તેમજ મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવણી ધરાવતા ઈસમો પર ખાસ નજર રાખવામાં આવી હતી. સમગ્ર કામગીરીમાં 67 વાહનોની તપાસ કરવામાં આવી હતી, જેમાં નિયમોના ભંગ બદલ એમ.વી. એક્ટની કલમ 207 હેઠળ ત્રણ વાહનો ડિટેઈન કરાયાં હતાં. પોલીસે 27 સિકલીગર, 17 હિસ્ટ્રીશીટર અને 14 એમસીઆર ઇસમોની પણ તપાસ કરી હતી. આ ઉપરાંત 17 સમન્સની બજવણી કરવામાં આવી હતી અને પ્રોહિબિશનનો એક કેસ નોંધાયો હતો. બીજી તરફ મકરપુરા પોલીસ દ્વારા જાંબવા અને તરસાલી ચેકપોસ્ટ પર વાહનચાલકોની અવરજવર પર નજર રાખી શંકાસ્પદ વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. દિવાળીના તહેવારો દરમિયાન શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકો સુરક્ષિત વાતાવરણમાં તહેવાર મનાવી શકે તે માટે પોલીસ દ્વારા પેટ્રોલિંગ, કોમ્બિંગ અને વાહન ચેકિંગની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી છે.

